પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૧૯, ગુરૂવાર; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

કૌન બનેગા પ્રધાનમંત્રી : આજે ફેંસલો

આજે સત્તાની ચાવી કોની પાસે આવશે તેને લઇને સસ્પેન્સનો અંત : સવારે મતગણતરી શરૂ થયા બાદ બપોર સુધી ચિત્ર સ્પષ્ટ થશે : ઉત્તરપ્રદેશ, બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન સહિતના અનેક રાજ્યોમાં પરિણામ પર તમામની નજર : મોદી, શાહ, રાહુલ, સોનિયા, અખિલેશ, ડિમ્પલ, સ્મૃતિ, રાજનાથ, ગડકરી સહિતના દિગ્ગજ નેતાઓના ભાવિનો આજે નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૨

દેશમાં કોની સરકાર બનશે તેને લઇને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી તમામ અટકળો અને ઉત્સુકતાનો આવતીકાલે લોકસભાની ચૂંટણી માટે મતગણતરીની સાથે જ અંત આવશે. આવતીકાલે સવારે મતગણતરી શરૂ કરવામાં આવ્યા બાદ પ્રવાહ મળવા લાગી જશે. આ વખતે પરિણામ આવવામાં વિલંબ થવાની શક્યતા છે. જો કે કેન્દ્રમાં સરકાર કોની બનશે તે અંગે બપોરમાં ચિત્ર મોટા ભાગે સ્પષ્ટ થઇ જશે. પ્રવાહને પણ સારી રીતે જાણી શકાશે. ચૂંટણી માટે દેશમાં સાત તબક્કામાં મતદાન થયુ હતુ. મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ ૧૯મી મે સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હતી. ૧૯મી મેના દિવસે અંતિમ તબક્કામાં મતદાન થયુ હતુ. ત્યારબાદ એક્ઝિટ પોલના તારણ પણ જારી કરવામાં આવ્યા હતા. એક્ઝિટ પોલ, ઇ પોલ અને સટ્ટાબજારની વાત માનવામાં આવે તો આ વખતે ફરી એકવાર મોદી સરકાર બની રહી છે. જો કે હજુ સુધી કોઇ રાજકીય પંડિતો કોઇ વાત કરવાની સ્થિતીમાં નથી. કારણ કે, અનેક વખત એક્ઝિટ પોલના તારણ વાસ્તવિક પરિણામ

● અનુસંધાન પાન-૭ પર

પરિણામ જાહેર થવામાં વિલંબ થઇ શકે...!!

લોકસભાની ચૂંટણીમાં પહેલીવાર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોના પરિણામોને પેપર ટ્રેલ મશીનોમાંથી નિકળતી સ્લીપ સાથે સરખાવવામાં આવશે. આ સરખામણી દરેક વિધાનસભા વિસ્તારના પાંચ મતદાન કેન્દ્રોમાં થશે. ચૂંટણી પંચે હજુ સુધી આવતી કાલે ગુરૂવારે થનારી મતગણના કેન્દ્રોની સંખ્યા જાહેર નથી કરી. નિયમ પ્રમાણે સૌથી પહેલા બેલેત પેપર મતપત્રોની ગણકતરી શરૂ કરવામાં આવશે. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બેલેટ પેપરની મતગણતરીમાં કેટલાક કલાકનો સમય લાગી શકે છે. ત્યાર બાદ પેપર ટ્રેલ મશીનોમાંથી નિકળતી સ્લીપની ગણતરી કરવામાં આવશે. દરેક વિધાનસભા વિસ્તારના પાંચ મતદાન કેન્દ્રોમાં વીવીપેટની સરખામણી પણ કરવામાં આવશે. આ પ્રક્રિયાના કારણે પરિણામો આવવામાં નિર્ધારીત સમય કરતા મોડું થઈ શકે છે. પરિણામો ગઈ કાલે ગુરૂવારે રાત્રે અથવા મોડી રાત્રે સામે આવી શકે છે.

વીવીપેટ ગણતરી પ્રક્રિયા બદલવાનો પંચનો ઈન્કાર

ચૂંટણી પંચની મહત્વપૂર્ણ બેઠકમાં આખરે નિર્ણય લેવાયો : વિરોધ પક્ષોની માંગ ફગાવાઈ : સૌથી પહેલા બેલોટ પેપર ત્યારબાદ ઇવીએમ મશીનના મત ગણાશે : સ્લીપોની ગણતરી સૌથી છેલ્લે કરવા નિર્ણય અકબંધ

શ્રીનગર, તા. ૮

વીવીપેટ મતગણતરીની પ્રક્રિયાને બદલી નાંખવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી વિરોદ પક્ષોની અરજીને ચૂંટણી પંચે આજે ફગાવી દીધી હતી. વીવીપેટને લઈને છેલ્લા કેટલાક દિવસથી જોરદાર રજૂઆત કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યુ છે કે મતગણતરીની પ્રક્રિયાને કોઈ કિંમતે બદલી નાંખવામાં આવશે નહીં. ચૂંટણી પંચે વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવેલી માંગને અસ્વીકાર કરી દીધી છે. ચૂંટણી પંચે મતગણતરીના અંતે પેપર ટ્રાયલ મશીન સ્લીપની ગણતરી છેલ્લે કરવામાં આવનાર છે. ચૂંટણી પંચે એવો નિર્ણય પણ કર્યો છે કે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) ગણતરીની સાથે પોસ્ટલ બેલોટની ગણતરી પણ કરવામાં આવનાર છે. હજુ સુધી પોસ્ટલ બેલોટની ગણતરી શરૂઆતમાં કરવામાં આવતી

● અનુસંધાન પાન-૭ પર

વિરોધ પક્ષ જનાદેશનું અપમાન કરી રહ્યા છે : અમિત શાહ

લોકસભાની ચૂંટણીના પરિણામ આવવામાં એક જ દિવસનો સમય રહ્યો છે ત્યારે ઈવીએમ ઉપર ભારે હોબાળો મચી ગયો છે જેનો અંત આવી રહ્યો નથી. આ હોબાળાની વચ્ચે ભાજપ પ્રમુખ અમિત શાહે આજે પોતાની પ્રતિક્રિયા આપી હતી. અમિત શાહે ઈવીએમ ઉપર મચેલા હોબાળાને ફગાવી દઈને કહ્યું છે કે, હોબાળો કરનાર લોકો જનાદેશનું અપમાન કરી રહ્યા છે. સોશિયલ મિડિયા ઉપર વિપક્ષી દળો સમક્ષ અમિત શાહ છ પ્રશ્નો કર્યા હતા અને કહ્યું છે કે, ૨૨ પક્ષો હતાશામાં આ પ્રકારના નિવેદન કરી રહ્યા છે.

કાયદા વ્યવસ્થાની સ્થિતિ બગડી શકે છે: યેચુરી

ચૂંટણી પંચ દ્વારા વીવીપેટને લઈને આપવામાં આવેલા નિર્ણય પર ડાબેરી નેતા સીતારામ યેચુરીએ સવાલ ઉઠાવ્યાં છે. તેઓએ કહ્યું કે ઈઝનો આ નિર્ણય સુપ્રીમ કોર્ટના આદેશ વિરૂદ્ધ છે. જો ચૂંટણી પ્રક્રિયાની અખંડતા માટે આ પ્રક્રિયાને આટલી લાંબી ખેંચવામા આવી છે તો ચૂંટણી પંચે પહેલાં નમૂનાના પરીક્ષણના મૂળ સિદ્ધાંતનું પાલન કેમ નથી કરતા?

Hmmm....
ધોરણ - ૧૦ પછી કૉમર્સ ?
ગાંધીનગરની NO:1 કૉમર્સ સ્કૂલ
N.K. SCHOOL OF COMMERCE
Std. 11/12 (ગુજરાતી માધ્યમ) (ENGLISH MEDIUM)
જેમાં એડમિશન લેવાથી ટ્યુશનની જરૂર પડતી નથી.

વર્ષ	N.K. નું પરિણામ	GSEB બોર્ડનું પરિણામ	કેન્દ્રમાં નંબર
2012	95%	60% થી ઓછુ	10% માંથી 3
2013	92.31%	60% થી ઓછુ	10% માંથી 5
2014	95.05%	60% થી ઓછુ	10% માંથી 8
2015	98.38%	60% થી ઓછુ	10% માંથી 8
2016	100%	60% થી ઓછુ	10% માંથી 7
2017	97.30%	60% થી ઓછુ	10% માંથી 4
2018	95.23%	60% થી ઓછુ	10% માંથી 4

ધોરણ - ૧૦માં A-1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને સ્કોલર્શીપ અને ઈનામો જીતવાની તક

ડાયરેક્ટરની કલમે....
રાજેશ દરજી
ડાયરેક્ટર
૯૯૨૫૦ ૧૭૨૮૦
સામાન્ય વિદ્યાર્થી પણ સખત મહેનત અને યોગ્ય માર્ગદર્શન મેળવીને ઉત્તમ પરિણામ મેળવી શકે છે. તે એન.કે.સ્કુલ ઓફ કોમર્સ સાબિત કરી બતાવ્યું છે. શિસ્તપાલન, નિયમિતતા, કાર્યનિષ્ઠા અને સખત મહેનત એન.કે.સ્કુલ ઓફ કોમર્સને અન્ય કરતાં શ્રેષ્ઠ બનાવે છે અને અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધુ કાબેલ બનાવે છે. ધો-૧૨ માં ઝળહળતી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પણ આવી જ સફળતા મેળવતા રહે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

આશીફ મન્સુરી
ડાયરેક્ટર
૯૮૨૪૬ ૩૫૧૩૨
એન.કે.સ્કુલ ઓફ કોમર્સ સતત નવ વર્ષથી ગાંધીનગર કેન્દ્રમાં શ્રેષ્ઠ પરિણામ આપે છે. આ પરિણામ શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની સખત મહેનતનું પરિણામ છે. ભવિષ્યમાં પણ આવું ઉત્તમ પરિણામ લાવવા માટે અમે કટિબધ્ધ છીએ.

દત્ત મંદિરની પાછળ, મેઈન શોપીંગ સેન્ટરની પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર
YouTube : nkschool of commerce | M.99250 17280, 98246 35132

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

SHRI JAIRAMBHAI PATEL INSTITUTE OF BUSINESS MANAGEMENT
(NICM-Gandhinagar)
Since 1995 (24 Years of Excellence)
ADMISSION INQUIRY
MBA 2019 - 21 BATCH
Intake 120 Seats | 100 % Placement from last 4 Years | Highest Package Offered in 2018 : ₹10,00,000 | Average Package ₹4.5 Lac
www.nicm.coop | nicm gandhinagar
Call Now on 079-23213037/39, 9714106417/18 | Address : Nr.infocity Gate 01, Nr. Indroda Circle, Gandhinagar | Chairman : Narhari Amin | Managing Trustee : Jayprakashbhai Patel

SSV CAMPUS
a new hope
ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
સમજુ વાલી અને હાંશિયાર વિદ્યાર્થી માટે
શ્રેષ્ઠ સ્કૂલ
ધો.૯ થી ૧૨
શાળાનો સમય : સવારે ૭:૧૦ થી ૧૨:૩૦
Phone - 079 - 232 63232
Address : Sector-3/b, Gandhinagar
KG TO 12TH SCIENCE & COMMERCE (English Medium + ગુજરાતી માધ્યમ)